**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટરે એક હજારથી વધુ બાળકોને શ્રવણ શકિત આપી



ગાંધીનગર, તા.૩

વર્લ્ડ હિયરિંગ ડે ૨૦૨૧ અને સુનાવણી પરના વિશ્વ અહેવાલમાં સુનાવણીની ખોટ અને કાનના રોગોને દૂર કરવા માટેના જીવનભરના પગલા લેવા વૈશ્વિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો. થીમ વિષે વધુ જાગૃતિ લાવવા માટે આરબીએસકે અંતર્ગત ગાંધીનગર સિવિલ કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટર દ્વારા સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ દ્વારા ઈમ્પ્લાન્ટ સારવાર સાથે વસ્તુઓ સંભાળવા, વાતો કરવા અને સમજવવામાં સક્ષમ એવા બાળકો સાથે એક કાર્યક્રમ યોજાયો હતો. સમયસર અને અસરકારક હસ્તક્ષેત્ર સુનિશ્ચિત કરી શકે છે કે ના સાંભળી શકનાર લોકો જો સમયસર સારવાર કરાવે તો તેઓ સક્ષમ બની શકે છે.

આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહીત કરવા ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય-મેડીકલ કો.ડીન. ડૉ. શોભના ગુપ્તા-સિવિલ સુપ્રિટેન્ડન્ટ, ડૉ. નિયતિબેન લાખાણી, મનપાના હેલ્થ ઓફીસર ડૉ. કલ્પેશ ગીરી ગોસ્વામી સહિત ડૉ. નીરજ સુરી (ઈએનટી નિષ્ણાંત ડોકટર-ચિલ્ડ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જન-સિવિલ હોસ્પિટલ) ઉપસ્થિત રહ્યા હતા. પોતાનું ટેલેન્ટ દુનિયા સમક્ષ દર્શાવવા માટે ગાંધીનગર ટાઉન હોલ ખાતે આ કાર્યક્રમમાં ૫૦થી વધુ બાળકો દ્વારા પર્ફોર્મન્સ આપવામાં આવ્યું હતું. જેના દ્વારા દરેક બાળકોએ પોતાની શ્રવણ શકિતનો સંપૂર્ણ પરિચય આપ્યો હતો.

કાર્યક્રમ વિશે વાત કરતા ડૉ. નિરજ સુરી (ઈએનટી સ્પેશિયાલિસ્ટ ડૉકટર-ચાઈલ્ડ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જન, સિવિલ હસ્પિટલ ગાંધીનગર) એ જણાવ્યું હતું કે દુનિયામાં ઘણા બધા લોકો હજી પણ આ સારવાર લીધા વગર આ રોગથી પીડાતા જોવા મળી રહ્યા છે. જેમને સમયસર સારવારની જરૂર છે. સમયસર લીધેલ સારવાર તેમની આખી જિંદગી બચાવી શકે છે. જીવનકાળ દરમિયાન સુનાવણીના નુકસાનને રોકવા અને તેને દૂર કરવા સમયસર પગલાં લેવાની જરૂર છે. સુનાવણી ખોટ એ ભારતનો બીજો સૌથી સામાન્ય વિકલાંગતામાં એક છે. જો તે યોગ્ય સમયે કરવામાં આવે તો તેમાંથી મોટાભાગની સારવાર કરી શકાય છે. જે બાળકો જન્મથી સાંભળવામાં અસમર્થ હોય છે તે ખૂબ બોલતા પણ નથી હોતા જન્મેલા દર ૧૦૦૦ બાળકોમાંથી ૪ બાળકોને સાંભળવાની તીવ્ર ખોટ હોય છે, જેને અદ્યતન શસ્ત્રક્રિયાની જરૂર પડે છે જેને કોકલીયર ઈમ્પ્લાન્ટેશન કહેવામાં આવે છે.

તેમણે ઉમેર્યું કે જીવનના દરેક તબક્કે સારા સુનાવણી અને સંદેશા વ્યવહાર મહત્વપૂર્ણ છે. સુનાવણીની ખોટ (અને કાનના સંબંધિત રોગો)ને નિવારક ક્રિયાઓ દ્વારા ટાળી શકાય છે જેમ કે મોટેથી અવાજો સામે રક્ષણ, કાનની સારી સંભાળ અને ઈમ્યુનાઈઝેશન સુનાવણીની ખોટ (અને કાનના સબંધિત રોગો) પર ધ્યાન આપી શકાય છે જયારે તે સમયસર ઓળખાય છે અને યોગ્ય કાળજી લેવામાં આવે છે.



શિયાળો વિદાય લઈ રહ્યો છે અને ઉનાળાનું આગમન થઈ રહ્યું છે. જેના પગલે દિવસ દરમિયાન ગરમીનો પારો ઉંચકાયો છે, ખાસ કરીને બપોરના સમયે અસહ્ય તાપ વર્તાઈ રહ્યો છે. બળબળતા બપોરે ગરમીથી રાહત મેળવવા રાહદારીઓ પણ શહેરના માર્ગો પર બનાવાયેલા બસ સ્ટન્ડમાં બે ઘડી પો'રો ખાવાની લાલચ રોકી શકતા નથી.

# શહેર ભાજપે વોર્ડ નં. ૧ અને ૮ના હોદ્દેદારોની નિયુક્તિ કરી



ગાંધીનગર, તા.૩

શહેર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ દ્વારા સંગઠનના પદાધિકારીઓ, અગ્રણીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ સાથે પરામર્શ કરીને ગાંધીનગર મહાનગરના નવા સિમાંકન પ્રમાણે વિવિધ વોર્ડમાં તબક્કાવાર સંગઠનના હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી રહી છે. આ સંગઠનાત્મક માળખાની રચનાના અનુસંધાને વોર્ડ નં.૭ અને વોર્ડ નં.૧૦ બાદ ઋચિર ભટ્ટ દ્વારા વોર્ડ નં.૧ ના પ્રમુખ તરીકે નરેશભાઈ પટેલ તેમજ મહામંત્રી તરીકે અલ્પેશભાઈ પટેલ અને વરુણભાઈ પટેલને જવાબદારી સોંપાઈ છે.

તદ્દુપરાંત વોર્ડ નં.૮ ના પ્રમુખ તરીકે મેહુલભાઈ પટેલ, મહામંત્રી તરીકે પરબતસિંહ વાઘેલા અને અમિતભાઈ પટેલ, તેમજ ઉપાધ્યક્ષ તરીકે શૈલેષભાઈ સોની, વિષ્ણુજી ઠાકોર, નિકુંજભાઈ પ્રજાપતિ, ધર્મેન્દ્રભાઈ પ્રજાપતિ, મહેન્દ્રભાઈ ચૌહાણ, વિપુલભાઈ ઠાકર તથા મુંજાલભાઈ રાવલની નિયુક્તિ કરી છે.

## એસ. વી. પ્રિ-સ્કૂલના બાળકો સંસ્થાના 'કમળા અમૃત ટોય હાઉસ'ની વર્ચુઅલ મુલાકાતે




ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલના બાળકોને સંસ્થામાં જ આવેલા 'કમળા અમૃત ટોય હાઉસ'ની વર્ચુઅલ મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જેમાં શિક્ષિકાઓએ જુનિયર અને સિનિયર કે.જી. ના બાળકોને વિવિધ પ્રકારની ગેમ્સ, રમકડાં, રાઈડસ, મેકઅપ કોર્નર, કિચન, ટ્રાફિક સિગ્નલ, વિડિયો ગેમ્સ, ફોરેસ્ટ સહિત આખું ટોય હાઉસ ઓનલાઈન ક્લાસમાં બતાવ્યું હતું. બાળકો માટે ખાસ ટ્રેન પણ ચલાવીને એમને બતાવવામાં આવી હતી. અતિઆધુનિક પદ્ધતિથી તૈયાર થયેલા, લેટેસ્ટ રમકડાંથી સુશોભિત એવા વિશાળ ટોય હાઉસને જોઈને બાળકો અત્યંત ખુશખુશાલ થઈ ગયા હતા. સંસ્થાના ગુજરાતી મીડિયમ બાલ મંદિર વિભાગના ડાયરેકટર કિરણબેન પટેલે આ મુલાકાતનું આયોજન કરવામાં પોતાનો અદભૂત સહયોગ આપ્યો હતો, જે બદલ શાળા પરિવાર વતી તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સરગાસણની જમીન પર ખોટો બનાખત કરી દાવો કરનાર અને બે સાક્ષી સામે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ ગામની કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવા માટે આરોપીઓએ કાવતરુ રચીને ખોટી સહીઓ કરી અને નોટરીના પણ ખોટા સહી-સિક્કા કરી બનાવટી બાનાખત તૈયાર કર્યુ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને પગલે ખેડુત વલાજી ઠાકોરની ફરીયાદને પગલે સેકટર-૭ પોલીસે જમીન પર દાવો કરનાર અને બે સાક્ષી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તારાપુર ચકલા ખાતે રહેતા વલાજી રામાજી ઠાકોરના પિતા રામાજી વિહાજી ઠાકોરની સરગાસણ ગામની સીમમાં ૧૯૬૨૭ ચોરસમીટર જમીન નામે હતી. જુલાઈ-૨૦૨૦ માં તેઓએ હયાતી વારસાઈ માટે નોંધ પડાવી હતી. જેની સામે મુકેશભાઈ છગનભાઈ મારૂ (રહે, આંબેડકર નગર શેરી નં-૩ રાજકોટ) એ જમીનનું બાનાખત હોવાની રજુઆત કરી વાંધો આપ્યો હતો. જેથી વલાજીએ બાનાખતની નકલ મેળવતા તેમાં લખી આપનાર તરીકે રામાજી અને લખી લેનાર તરીકે મુકેશ મારૂનુ નામ હતું. જયારે સાક્ષીમાં મહેસાણાના ચેતનજી ભરતજી ઠાકોર (લીંચ અંબાસણ) અને રમેશજી ભઈજીજી ઠાકોર (દીતાસણ) હતા. વલાજીએ પિતાને બનાખતની નકલ બતાવતા તેઓએ કોઈ બાનાખત કર્યુ નથી. બાનાખત રદ કરાવવા માટે વલાજીએ ગાંધીનગર સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો છે જે ચાલુ છે. વલાજીએ આ અંગે કલેકટરની સીટમાં પણ અરજી કરી છે.જેની તપાસમાં મુકેશ મારૂએ રજુ કરેલુ બાનાખત નોટોરાઈઝ પણ ખોટુ કર્યુ હોવાનું સામે આવ્યું હતુ નોટરીએ પોતાના નિવેદનમાં બાનાખત પોતે નોટોરાઈઝ કરેલ ન હોવાનું અને સિક્કા પણ તેમના ન હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## છેલ્લા બે વર્ષમાં જિલ્લામાંથી સાડા છ કરોડથી વધુનો દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

રાજયમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે દારૂબંધી વચ્ચે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલો વિદેશી દારુ પકડાયો છે. ગાંધીનગર ઉતરના ધારાસભ્ય ડો. સી.જે.ચાવડાએ વિધાનસભા સત્રમાં કરેલા સવાલના જવાબ સંદર્ભે મુખ્યમંત્રીએ આપેલા લેખિત ઉત્તર મુજબ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રૂ.૬,૪૯,૦૦,૫૯૮ની કિંમતની ૧,૬૧,૦૭૯ વિદેશી દારુની બોટલ, રૂ.૭,૭૨,૪૮૦ રૂપીયાનો ૩૮૬૨ લીટર દેશીદારુ, જયારે રૂ.૪,૮૧,૪૦૯ ની કિંમતની ૪,૭૪૯ બિયરની બોટલ તેમજ વિદેશી દારુ, દેશીદારુ અને બિયરની કુલ કિંમત રૂ. ૬,૬૧,૫૪,૪૮૭ દારુ પકડાયેલ છે. જયારે રૂ.૧૫,૩૯,૬૮૪ ની કિંમતના અફીણ, ગાંજો, ચરસ, પાસડોડા, પાવડર, હેરોઈન, મેફેડ્રોન અને અન્ય માદક પ્રદાર્થ-પાવડર પકડાયેલ છે. જયારે ગુનામાં સંડોવાયેલા ૬૧ વ્યકિતની ધરપકડ કરવાની બાકી છે.

# સેકટર-૨૪ અને શેરથા ગામે જુગાર રમતા કુલ ૯ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ સીએનજી પેટ્રોલ પંપ પાસે પોસ્ટ કોલોની નજીક ઝાડીઓમાં જુગાર રમતા ૪ જુગારીઓને પોલીસે રોકડ રૂ.૨૬૮૦ સાથે દબોચી લીધા છે. જયારે અડાલજ પોલીસે શેરથા ગામે રામાપીર મંદિર તરફ વાડામાં આવેલી ઓરડીમાં બાજી માંડીને બેઠેલા ૫ જુગારી રૂ. ૧૨,૫૭૦ ના મુદ્દામાલ સાથે અડાલજ પોલીસને હાથ લાગ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે સેકટર-૨૪ પોસ્ટ કોલોની પાસે ખુલ્લી ઝાડીઓમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેઈડ પાડતા જુગાર રમી રહેલા મકાન નં.૬૦૭ ઈન્દીરાનગર ખાતે રહેતો વિનોદ પ્રહલાદભાઈ રાવળ (ઉં.૩૫), ભરત બાબુભાઈ આસોડા ઉં.૩૩ મ નં.૨૦૩ મુલચંદ પાર્ક પેથાપુર, ધવલ હસમુખભાઈ રાવલ ઉં.૩૪ સૌંદર્ય-૪૪૪ કે-૩૦૧ તેમજ જયંતિ ભીખાભાઈ સોલંકી બ્લોક નં. એમ.૩૭-૪૩૭ સત્યમ ફલેટ સે-૨૪ નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૨૬૮૦ મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં અડાલજ પોલીસ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે શેરથા ગામે પાણીની ટાંકી પાસે રામાપીર મંદિર તરફ ઓરડીમાં જુગાર રમાય છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં ત્રણ જુગારી નાસી છુટ્યા હતા અને પાંચ પકડાઈ ગયા હતા. જેમાં જમીયતપુરાના ગીરીશ છોટાલાલ પટેલ, ભોંયણ મોટી ઠાકોરવાસ ખાતે રહેતા વિઠ્ઠલભાઈ પ્રધાનજી ઠાકોર, અમદાવાદ ઘાટલોડીયાના ચિરાગ કાંતિભાઈ પટેલ, જમીયતપુરાના વાસુ પ્રહલાદભાઈ પટેલ અને ઘાટલોડીયાનો સંજય પ્રજાપતિ નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૨,૫૭૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે શેરથા ખાતેથી લાલ, પીળા અને વાદળી કલરના કોઈન પણ પોલીસને મળી આવ્યા હતા. જયારે ત્રણ જુગારી ભાગી ગયા હતા. પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



વિદ્યાબેન પારેખ
મો. ૯૯૨૪૧ ૮૫૭૭૬




કરણકુમાર જગદીશભાઈ શ્રીમાળી
મો. ૮૧૬૦૫ ૭૫૯૮૨



મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



પરમાર દિવ્યાંશી રિન્કેશકુમાર




પરમ ઉર્મિત પટેલ

## રવિવારે શહેરમાં બૌધ્ધ ભિખ્ખુ ડૉ. કરુણાશીલ રાહુલનું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૩

માતૃછાયા એજયુકેશન ટ્રસ્ટ અને વિકસીત ભારત નિર્માણ યુ.પી. દ્વારા તા. ૭ મી માર્ચ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે બંધારણ, વિજ્ઞાન અને ધમ્મ ઉપર ક્રાંતિકારી પ્રવચનો યોજાશે. આ કાર્યક્રમ સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. જેમાં ક્રાંતિકારી બોધ્ધ ભીખ્ખુ ભદન્ત કરુણાશીલ રાહુલ, છત્તીસગઢના પુર્વ મુખ્યમંત્રી નંદકુમાર બધેલ, દિલ્હી સરકારના કેબીનેટ મિનીસ્ટર રાજેન્દ્ર પાલ ગૌતમ, ડીજીપી અનીલ પ્રથમ, પત્રકાર મીના કોટવાલ, બારિશના ચેરમેન બાલકૃષ્ણ આનંદ વગેરે મહેમાનો જુદા જુદા વિષયો ઉપર પ્રવચનો આપશે.

સમારંભમાં તમામ પ્રજાને તથા વિપશ્યક સાધકો, વિજ્ઞાનવાદીઓ, રજનીશ ફોલોઅરો, કોલિયો, બોધ્ધીસ્ટો, ડૉ. બાબાસાહેબના ફોલોઅર્સ વગરેને સંસ્થાના પ્રમુખ લતાબેન મહેરીયાએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

# ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબ દ્વારા મહિલાદિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૩

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર કલબ દ્વારા ૩જી માર્ચે બુધવારના રોજ ૫૦ બહેનોને મધુર ડેરીની વિઝીટ કરાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. રોજીંદી જરૂરિયાતમાં વપરાતી ચીજવસ્તુઓ કેવી રીતે બને છે? કેવી રીતે તેનું પેકીંગ થઈ માર્કેટ સુધી પહોંચે છે તેની સંપૂર્ણ પ્રોસિઝર શરૂથી અંત સુધી મેનેજર પ્રોડકશન રાજેશ સુખવાન તથા ટેકનિકલ ઓફિસર દ્રવિણા દેસાઈએ સમજાવી હતી.

આ ઉપરાંત ડૉ. ડી.એસ. પટેલ દ્વારા દૂધ કેવી રીતે પ્રેસ્ચ્યુરાઈઝડ થાય છે ત્યાંથી લઈને અંત સુધી તેનું મહત્વ સમજાવ્યું હતું. દૂધમાં ૮૫ જાતના મિનરલ્સ, વિટામિન્સ અને કેલ્શિયમ આવેલા છે. દરેક મહિલાએ દૂધ અવશ્ય પીવું જોઈએ તેનું મહત્વ સમજાવ્યું. દૂધને પુરા વિશ્વ એ સંપૂર્ણ આહાર તરીકે સ્વીકારેલ છે. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ પણ મધુર ડેરીના વિકાસની જાણકારી આપી હતી. આ કાર્યક્રમના પ્રોજેકટ કોર્ડિનેટર ઈન્ડિયન લાયોનેસ ઉપપ્રમુખ ગીતાબા ચૌહાણ હતા. તે ઉપરાંત મધુર ડેરીના એચ.આર. મેનેજર અવની રાવ જનરલ મેનેજર પ્રોકયુરમેન્ટ હંસા પટેલ અને ઈ. લાયોનેસના મેમ્બર તથા પ્રિટી વુમેનના ફાઉન્ડર શિલ્પા દેસાઈ તથા ઈ.લા.ના ઉ.પ્ર. ભાવના દેસાઈનો પણ સહયોગ મળ્યો હતો. આ સાથે કાર્યક્રમમાં કલબના પ્રમુખ શિલ્પા દેસાઈ, સરોજબેન દવે, ચંદ્રીકાબેન, મનિષા ગોહીલ તથા મેરી શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી ઈજનેરી કોલેજ ખાતે મેથ્સ આધારિત ઈ-ટોક સિરીઝ યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની સે-૨૮ની સરકારી ઈજનેરી કોલેજ, સે-૨૮,ગાંધીનગર ખાતે કમ્પ્યુટર ઈજનેરી વિભાગ દ્વારા તા.૧૯/૦૨/૨૦૨૧ થી તા.૨૬/૦૨/૨૦૨૧ દરમિયાન મેથ્સ વિષય આધારિત લાઈવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગ્રાફ થિયરી, ગ્રાફ લેબલીંગ, લીનીયર અને નોન-લીનીયર ટ્રાન્સફોરમેશન, લાપ્લાસ ટ્રાન્સફોરમેશન, ઈગન વેલ્યૂ-ઈગન વેકટર અને લાટેક્ષ જેવા ગણિતના મહત્વના વિષયોની કમ્પ્યુટર એપ્લિકેશન સબંધિત ઉપયોગિતા અંગે સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા ગણિત વિષયના પ્રાધ્યાપકો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. જેમાં અત્રેની કોલેજના વિધાર્થીઓએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો હતો. આ વ્યાખ્યાન માળાનું આયોજન ઓનલાઈન માઈક્રોસોફ્ટ ટીમ પર કરવામાં આવ્યું હતું. આ તાલીમનું સુચારુ આયોજન આચાર્ય પ્રો.ડો.શ્વેતા દવે, કમ્પ્યુટર ખાતાનાં વડા પ્રો.ડો.ધવલ પરીખ, પ્રો.જે.એસ.ધોબી તથા પ્રો.ડો. પીનલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સિધ્ધાર્થ મિરેકલ્સના બે બાળકોને ઈન્ડિયા બુકસ ઓફ રેકોર્ડસમાં સ્થાન




ગાંધીનગર, તા.૩

સિધ્ધાર્થ મિરેકલ્સ શાળામાં અભ્યાસ કરતા બે બાળકો કે જેમની ઉંમર અનુક્રમે ૭ વર્ષ અને ૧૧ વર્ષ છે, તેઓએ પોતાની વિશેષ પ્રતિભાથી પોતાના માતા-પિતા, શાળા અને સમાજ માટે એક બેમિસાલ દાખલો રજૂ કર્યો છે. જયારે એક તરફ કોરોનાની મહામારીથી શાળાઓ અને શિક્ષણ કાર્ય નિયમિત રીતે શરૂ થઈ શકયું નથી ત્યારે પોતાના અભ્યાસ પ્રત્યેની લગન અને કંઈક નવું કરવાની મહેચ્છાથી ગાંધીનગર ખાતે આવેલી સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના બે બાળકો સાંઈ શાશ્વત દાસ અને અનન્યા સતિષ પીશારોડીએ રાષ્ટ્રીય સ્તરે ઈન્ડિયા બુકસ ઓફ રેકોર્ડસનો એવોર્ડ નાની વયે હાંસિલ કર્યો છે. સાંઈ શાશ્વત દાસે સાત વર્ષની ઉંમરે મહત્તમ ૨૦૨ ચિત્રો બનાવીને ઈન્ડિયા બુકસ ઓફ રેકોર્ડસમાં 'યંગ અચિવર્સ એવોર્ડ' પ્રાપ્ત કર્યો છે. જયારે ૧૧ વર્ષની બાળકી અનન્યા સતિષ પિશારોડીએ કલેની મદદથી વિવિધ ફુડ આઈટમની ૬૦ અલ્પાકૃતિ બનાવીને ઈન્ડિયા બુકસ ઓફ રેકોર્ડસમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જે એક વ્યકિત દ્વારા કલેની મદદથી બનાવવામાં આવેલ મહત્તમ અલ્પાકૃતિ છે. આમ, નાનકડી ઉંમરમાં કંઈક મોટું કરી બતાવવાની આ બે બાળકોની સંકલ્પશકિત જ તેમને સમાજમાં એક અલગ ઓળખ આપે છે અને અન્યને પણ આમ કરવા પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. જો દરેક બાળકોને પોતાના માતા પિતા અને શાળાના શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન મળે તો દરેક બાળક પોતના કૌશલ્યથી પોતાની એક આગવી ઓળખ ઉભી કરી શકે છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પ્રજાપતિ નાનીબેન ચમનાજી ઉ.વ. ૯૫, રૂપાલ, હુડકો
- સ્વ. પારેખ ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ ઉ.વ. ૪૧, કોલવડા
- સ્વ. જાની સવિતાબેન જયંતિલાલ ઉ.વ. ૭૦, ખડાત, માણસા
- સ્વ. રાઠોડ દક્ષાબેન વિક્રમસિંહ ઉ.વ. ૬૩, દોલારાણા વાસણા

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. સોની ભગવતીબેન ચુનીલાલ ઉ.વ. ૮૦, સેકટર-૮
- સ્વ. બ્રહ્મક્ષત્રિય ભરતકુમાર કનૈયાલાલ ઉ.વ. ૬૫, શાહપુર
- સ્વ. પટેલ જયકુમાર જયેશભાઈ ઉ.વ. ૩૦, સેકટર-૧